# આવનારી પેઢીને સ્વચ્છ અને સુંદર વાતાવરણ આપવું એ આપણી ફરજ : ડૉ. ફારુક પટેલ

કે.પી. ગ્રૂપના પ્રણેતા ડો. ફારુક પટેલ અન્યની ઓળખ દ્વારા નહીં પરંતુ પોતાની મહેનત થકી જાતે જ બ્રાન્ડ નેમ બનીને અનેક યુવાનો માટે પ્રેરણાદાયી બન્યા છે. કેપી ગ્રૂપની સ્થાપના ૧૯૯૪માં કરી. સૌ પ્રથમ કંપની કેપી બિલ્ડકોન સ્થાપી ૧૬ રાજ્યોમાં મોબાઈલ ટાવર નાંખ્યા. ત્યારબાદ ૨૦૦૮માં સોલાર સેક્ટરમાં કેપીઆઈ ગ્રીન એનર્જી અને ૨૦૧૦માં વિન્ડ સેક્ટરમાં પ્રવેશ કરી કેપી એનર્જી બનાવી. સોલાર પાવરમાં આજે કંપની પાસે પોતાની અને લીઝ પર મળીને લગભગ ૨૦૦૦ એકર જમીન પર ૩૨થી વધુ સાઈટ પર સોલાર પાર્ક ધરાવે છે. તેઓ ગુજરાતમાં સૌથી મોટા ખાનગી સોલાર પાર્કની માલિકી ધરાવે છે. ભરૂચ, ભાવનગર, કચ્છ, પોરબંદર જિલ્લામાં સોલાર-વિન્ડ પાર્ક ધરાવે છે. સૌથી પહેલા દક્ષિણ ગુજરાતમાં સાત વિન્ડ ટર્બાઈન નાંખવાનો રેકોર્ડ તેમના નામે છે. તેમની બંને કંપની મળીને આજે ૧.૧ ગીગાવોટથી વધુ રિન્યૂએબલ એનર્જી તેઓએ એનર્જાઈઝ કરી છે. ૨.૬ ગીગાવોટ્સના પ્રોજેક્ટ પાઈપલાઈનમાં છે. કંપની ૨૦૩૦માં ૧૦ ગીગાવોટ્સના ટાર્ગેટ ધરાવે છે. તેમની ત્રણ કંપની કેપીઆઈ ગ્રીન એનર્જી, કેપી એનર્જી અને કેપી ગ્રીન એન્જિનિયરિંગ બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ છે. કેપીઆઈ નેશનલ સ્ટોક એક્સચેન્જમાં પણ લિસ્ટેડ છે. ત્રણેય કંપની મળીને માર્કેટ કેપ ૧૫૦૦૦ કરોડથી ઉપર છે. કેપી ગ્રૂપે હવે ગ્રીન એમોનિયા અને હાઈડ્રોજન ક્ષેત્રે પણ પ્રવેશ કર્યો છે



ડૉ. ફારુક પટેલ
કે. પી. ગ્રુપ